૭૮૬

'દારૂલ ફલાહ એદરૂસીયા' (સુરત) સીરીઝ નં. ૩

"સોમો-સલાત"

('રોઝા' અને 'નમાઝ'ની તરકીબ અને જરૂરી મસાઇલ)

ભાગ ૨.

"અસ્સોમ"

(રોઝાનું બયાન)

કર્તા:—

"ગુમનામ—મુસલીમ"

"દારૂલ ફલાહ એદરૂસીયા" સુરત તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર:—

સૈયદ જાફરઅલી એદરૂસ.

(જનરલ સેક્રેટરી.)

સને ૧૩૪[illegible] હી. પહેલી આવૃત્તિ ૧૦૦૦

જરૂરી સુચના:—કોઇપણ ગ્રહસ્થ સ્વાબની ખાતર પોતાના તરફથી આ રીસાલાની નકલો છપાવવા અગર વહેંચવા ફરમાશ કરશે તો તે ઇચ્છા અનુસાર બંદોબસ્ત કરી આપવામાં આવશે.

મુદ્રક:—ખંડુભાઈ રામભાઇ નાયક.
મુદ્રણાલય:—ધી ન્યુ સમાચાર પ્રાન્ટીંગ પ્રેસ, ખપાટીઆ ચકલા—સુરત.
પ્રકાશક:—સૈયદ જાફરઅલી એદરૂસ.

७८६

બીસ મીલ્લા હીર્રહમાન નીર રહીમ

'રોજાના મસાઈલ'.

હરેક બાલીગ, મુસલમાન મરદ અને ઓરત ઉપર રમજાન શરીફનાં રોજા રાખવા ફર્ઝ છે, પણ બીમારને બીમારીના દીવસોમાં, મુસાફરને સફરના દીવસોમાં હેઝ (એટલે અટકાવ)વાળી ઓરતને અને નીફાસ એટલે બચ્ચો થયા પછી લોહી આવે છે તે દીવસોમાં તેટલા રોજા કઝા કરવાનો એટલે આ સમયો વીતયા પછી બીજા દીવસોમાં તેટલા રોજા રાખવાનો હુકમ છે નાતવાન ઘરડાં માણુસો જેમનાથી રોજા ન રાખી શકાએ તેમણે દરરોજ એક મીસકીનને જમાડવાનો હુકમ છે.

જે આદમી પર રોજો ફરજ થયો તેને રોજાના મસાએલ યાદ રાખવા પણ જરૂરી છે કે તેથી જાણી શકે કે રોજો દુરસત થયો મકરૂહ થયો અને શું શું કામો કરવાથી રોજાની મકબુલયતની કવી ઉમેદ થાએ છે.

રોજા માટે નેયત.

રમજાન શરાફના રોજાની નેયત દરરોજ નવી કરવી જોઇએ એક દિવસ નેયત કરી લેવાથી પુરા મહીના માટે એ નેયત ગણાએ નહીં જો કે રોજો રાખવાની નેયતથી સેહરીનું ખાવું ખાધું અને કાંઇ જબાનથી બોલો નહીં એ પણ નેયત કરવા બરાબર છે. પણ જબાનથી નેયત કરવી બેહતર છે.

રમજાન શરીફના રોજા તથા સુનત રોજા તથા નફલી રોજા રાખવા માટે નેયત સુરજ ડુબા પછી કરી શકાએ છે અગર રાત્રે નેયત નહીં કરી શકયો તો સવારમાં ઝવાલ [સુરજ માથાપર આવે તે] પહેલાં કરીલે, તો પણ જાએઝ છે, પણ દીવસમાં રોજાની નેયત કરે તો એમ નેયત કરે કે હું સુબેહ સાદેકથીજ રોજદાર છું. [રદદુલ મોહતાર]

મુસાફર અને બીમાર રમજાન સરીફમાં નફલ કે વાજબ રોજા રાખે તો જાએઝ છે જેવી નેયત કરશે તેવો રોજો થશે પણ એ બેઉ સીવાએ બીજી નેયત કરે તોપણ રમજાન શરીફનોજ રોજો થશે.

રમજાન શરીફનો કઝા રોજો અથવા નફલી રોજો રાખવો હોય તો એની નેયત સુરજ ડુબા પછીથી સુબેહ સાદક સુધી કરી શકાએ સુબેહ સાદક પછી નેયત કરશે તો નફલી રોજો થશે.

રમઝાન શરીફનો રોઝો કોઈ જાણી જોઈ તોડે તો તે રોઝાની કઝા કરવી પડશે અને સાઠ રોઝા લગાતાર રાખવા પડશે.

શકના દિવસનો રોઝો.

આસમાનના કીનારા ઉપર અબર [વાદળ] વીગેરેના લીધે સાબાનમાં ઓગણત્રીશ તારીખે રમઝાનનો ચાંદ જોવામાં આવ્યો નહીં, બીજે દીવસે તેથી ત્રીશમી તારીખ છે કે પેહલી તારીખ છે એવો શક થયો તો એવા શકવાલા દીવસમાં આમ લોગોને રોઝો ફરજ અથવા વાજીબ અથવા શકની નૈયતથી રાખવો મકરૂહ છે પણ શકના દીવસમાં લોગો બપોરે ઝવાલ થતા સુધી ખાએ પીએ નહીં અગર કહીથી ચાંદની ખબર આવી જાએ તો ઝવાલ પહેલાં રોઝાની નૈયત કરી લે નહિ તો બપોર પછી ખાએ પીએ. અગર શકના દીવસમાં કોઇ ખાસ નફલની નૈયતથી રોઝો રાખે અથવા કોઇ ત્રીસમી તારીખે રોઝો રાખતો હોય અથવા પીરનો કે જુમેરાતનો રોઝો રાખે છે અને તે વાર શકના દીવસમાં આવ્યો અથવા પહેલાંથી રોઝો રાખતો આવ્યો તો એ લોગોને સકના દહાડામાં રોઝો રાખવો જાએઝ છે અને ખાસ લોગોને માટે પણ શકના દીવસમાં રોઝો રાખવો જાએઝ છે. [આલમગીરી વીગેરે].

શકના દીવસમાં કોઇ રોઝો રાખે તો ગુનેહગાર થશે અને તેનો નફલી રોઝો થશે અગર તે દીવસ રમઝાનનો સાબીત થયો તો રમઝાનનો રોઝો થશે. [દુર્રે મુખતાર વીગેરે]

'સેહરીનું બયાન'.

સેહરી ખાવા માટે હદીસ શરીફમાં બહુ તાકીદ આવી છે તેથી રાત્રે ઉઠી ભુક નહી હોય તો થોડું પણ ખાઈ પી લેવું જોઇએ બુખારી શરીફની હદીસમાં છે કે સેહરી ખાઓ તેમાં બરકત છે અને મુસલીમ શરીફની હદીસમાં છે હમારા રોઝામાં અને અહલે કીતાબના રોઝામાં સેહરીના લુકમાનો ફરક છે.

તીબરાની શરીફમાં છે કે ખુદાપાક અને તેના ફરીસતાઓ સેહરી ખાનાર પર દુરૂદ મોકલે છે. અને સેહરીમાં ઢીલ કરવાનું હુકમ આવ્યું છે પણ એટલી ઢીલ નહી કરવી કે સુબેહ સાદીક થઇ જવાનો શક પેદા થઈ જાએ.

તીબરાની અવસતની હદીસ શરીફમાં છેકે ખુદાપાક ત્રણ ચીજોને દોસત રાખે છે ઇફ્તારીમાં જલદી કરવી અને સેહરીમાં ઢીલ કરવી અને નમાઝમાં હાથપર હાથ રાખવું.

'ઇફ્તારનું બયાન.'

ઇફ્તારી કરવામાં જલદી કરવાનું હુકમ છે એટલે તારા નજર પડે ત્યાં સુધી બેસે નહિ સુરજ ડુબતાં તુરત ઇફ્તારી કરવી જોઇએ. પણ જો આસમાનના કીનારા પર વાદળ વીગેરે હોય તો જલદી નહી કરવી જોઇએ જ્યારે સુરજ ડુબવામાં શક નહીં રહે ત્યારપછી ઇફ્તારી કરે અને હલાલ રોઝીથી ઇફ્તારી

[illegible] નીકળે. અગર હરામ રોજીથી ઇફતારી અને સેહરી કરે તો એવું થયું કે એ આદમીએ પુરો દીવસ મકાનની દીવાર તૈયાર કીધી અને સાંજ થતાં તોડી નાંખી એવીજ રીતે રોજો રાખી ભૂખ પ્યાસની તકલીફ ઉઠાવી પરહેજગારીની દીવાર તૈયાર કીધી અને સાંજે હરામ રોજીથી ઇફતાર કરી તે દીવાર તોડી નાંખી.

ઈફ્તારીમાં એટલું નહીં ખાએ કે ઉઠવા બેસવામા તકલીફ થાએ અને તરાવીહ પઢવામાં સુસતી થાએ.

'ઈફતાર જલદી કરવા વીશેની હદીસો.'

બુખારી- 'લોગ હંમેશાં ખેરથી રેહસે જ્યાં સુધી ઈફ્તારીમાં જલદી કરશે.

તીરમેઝી-'ખુદાપાકે ફરમાવ્યું છે કે મારા બંદામાં મને વહાલો તેજ છે જે ઇફતારીમાં જલદી કરે છે'.

અબુદાઉદ-'દીન હમેશાં ગાલેબ રેહશે જ્યાં સુધી લોગ ઇફતારીમાં જલદી કરશે કેમકે યહુદ અને નસરાની ઢીલ કરે છે'.

રોજો ઈફ્તાર કરાવ્વાની બહુ ફઝીલત આવી છે. ખજુર અથવા ખારક અથવા પાણીથી રોજો ઈફ્તાર કરવાનો હુકમ છે.

તીબરાની 'જેણે હલાલ ખાવા અથવા પાણીથી ઇફતારી કરાવી તેના માટે ફરીશતાઓ રમજાનમાં ઇસતેગફાર કરે છે અને શબેકદરમાં તેના માટે જીબરઇલ અલેહી સસલાતો વસસ્લામ ઇસતેગફાર કરે છે'.

ઇફતાર વખત આ દુઆ પઢવી સુનનત છે 'અલ્લાહુમ્મા, લકા સમતોવ બીકા આમનતો વ-અલયકા તવકકલતો-વ-અલા રીઝકીકા અફતરતો'

'રોજાને મકરૂહ કરવાવાળી ચીજો'

જે ચીજોથી રોજો મકરૂહ થાએ એવી ચીજોથી દુર રહેવું જરૂરી છે. રોજામાં કેટલીક ચીજ નુકશાન કરે છે અને કેટલીક વખત વધારે નુકશાન થવાથી રોજો મકબુલ થતો નથી.

બુરી વાત કહેવા અને તેના પર અમલ કરવાનું નહીં છોડવાથી જુઠી વાતો અને ગીબત ચુગલી અને ગાલો બકવાથી અને બેહુદી વાતો કરવાથી રોજો મકરૂહ થાએ છે.

ઈબને ખોઝયમાંની હદીશમાં છે કે રોજો એનુ નામ નથી કે (ફક્ત) ખાવાપીવાનું છોડી દે (પુરો) રોજો તો એ છે કે લગવ અને બેહુદા વાતોથી દુર રહે અને ખુદાપાકની ઇબાદત અને નેકીના કામો કરે.

રોજામા કોઇ ઉઝર વગર ખાવાનું ચાખવું મકરૂહ છે પણ જો કોઇ [illegible] આવીંદ અથવા લોંડી કે ગુલામનો સરદાર બદ[illegible] મીજાજવાળો હોય તેથી ખાવામાં નમક વીગેરે કમી અથવા વધારે [illegible] [illegible] [illegible] [illegible]

હોય તો તે ગોસ્ત અથવા લોંડી ખાવાને જબાન પર મુકી (ફેરત) ચાખી બાદમ થુકી નાંખે અને હલકમાં કોઈ ચીજ જવા નહીં દે તો ચાખવું જાએઝ છે અથવા કોઈ ચીજ ખરીદ કીધી પણ તેને ચાખ ને જુએ નહીં તો નુકસાન થાએ એમ હોય તો ઉપર લખ્યા મૂજબ ચાખવું જાએઝ છે અગર નુકશાન નહીં થાએ તો ચાખવું મકરૂહ છે. તેમજ ઓરતને શેહવતથી હાથ લગાડવું બોસા લેવા અને મોબાશેરતે ફાહેશા (ગેલ કરવું) મકરૂહ છે એવી ચીજોથી દુર રહેવું જોઈએ. માટે હલકમાં પાણી નહીં પોંચીજાએ રોજાની હાલતમાં મોઢામાં અથવા નાકમાં પાણી ચડાવવો મકરૂહ છે અને વજુ અને ગુસલ સીવાએ ઠંડક પોંચાડવી કુલ્લી કરવી અથવા નાકમાં પાણી લેવું અથવા બદન પર ભીગેલું કપડું મુકવું મકરૂહ નથી પણ ગરમી વીગેરેના લીધે પોતાની બેચેની પરેસાની જાહેર કરવા બદન પર ભીગેલું લુગડું મુકવું મકરૂહ છે. પાણીમાં ગુસલ કરતી વખતે હવા છોડવાથી રોજો મકરૂહ થાએ છે મોઢામાં થુક એકઠું કરી નીગલી જવાથી પણ રોજો મકરૂહ થાએ છે.

રમજાન શરીફમાં એવું કામ કરવું કે જેનાથી તાકત કમી થઇ જવાથી રોજો તોડવો પડશે એમ ગુમાન ગાલેબ હોય તો એવા કામો કરવાના જાએઝ છે તેથી બહીઆરને જોઇએ કે બપોર સુધી રોટી પકાવે અને પછી આરામ કરે (દુરરે મુખતાર) એવીજ રીતે કડીઆ મજુર અને બીજા મહેનતના ધંધા કરનારાઓને પણ રમજાન શરીફમાં આરામ લેવું જોઇએ.

કેટલીક વસ્તીઓમાં સેહરીના માટે મરઘાંના બોલવાથી છેલ્લું વખતસમજે છે પણ રાત્રે કેટલીક વખત રોસની જોવાથી અથવા અવાજ સાંભળવાથી પણ બોલે છે. તો કઇ સેહરીના માટે ટેમ મુકરર કરવો ઠીક નથી. શેહરીનો છેલ્લો વખત સુબેહ સાદેક સુધી છે. સુબેહ સાદેક સુરજ નીકળવા પહેલાં એક કલાક અને અઢાર મીનીટે અને વધુમાં વધુ એક કલાક અને પાંતરીસ મીનીટે થાએછે.

રોજાની હાલતમાં ફસ ખોલવાથી અથવા સીંગી લગાડવાથી તાકાત કમી થઇ જશે એમ હોય તો તે મકરૂહ છે. (આલમગીરી)

રોજાને તોડવાવાલી ચીજો.

સરીઅતમાં રોજો તોડવો સખત ગુનોહ છે બુખારી સરીફની હદીસમાં છે કે જેણે રમઝાનનો રોજો વગર રૂખસતે (સફર કે બીમાર વીગેરે સીવાએ) ઇફતાર કીધો તો જમાનાના રોજાથી પણ તેની કઝા થઇ શકે નહીં.

ઉપલો હુકમ તો રોજો રાખે નહી તેના માટે છે અને રાખીને તોડી નાંખવું તો એનાથી પણ વધુ સખત છે.

ખાવા પીવાથી તથા હમબીસતરી કરવાથી તથા હુકકો સીગારેટ પીવાથી અથવા તમ્માકુ ખાવાથી રોજો ટુટે છે.

ખાંડ વીગેરે જે મોઢામાં નાખવાથી પીગલી જાએ એવી ચીજોને મોઢામાં રાખી થુક નીગળવાથી અથવા દાંતો વચ્ચે કાંઇ ચીજ ચણા બરાબર કે તેથી વધારે હોય તેને ખાઇ જવાથી અથવા કમ હોય ચણાથી પણ મોઢાથી બાહેર કાઢીને પછી ખાઇ લે અથવા દાંતોમાંથી ખુન નીકલી હલકના નીચે ઉતરે અને તેનો મજાહ હલકમાં માલમ પડે.—

કુલ્લી (મોઢામાં પાણી લેવુ) કરવામાં ઇરાદા વગર હલકના નીચે ઉતરી ગયું અથવા નાકમાં પાણી લેતાં દેમાગ પર ચઢી ગયું તો રોજો ટુટી જશે, પણ રોજો યાદ નહીં હોય તો નહીં ટુટશે. એવીજ રીતે રોજદાર તરફ કોઇએ ચીજ ફેંકી અને હલકના નીચે ઉતરી ગઇ તો—

ઉંઘમાં ખાવા પીવાથી અથવા મોઢું ખુલ્લું હતું અને પાણીના કતરા હલકમાં પોંચી ગયો તો—

સુતર વીગેરેનો રંગીન દોરો મોઢામાં રાખવાથી જો થુક રંગીન થયું એવા થુકના નીગલવાથી—

આંખમાંથી આંસુ નીકલી મોઢામાં એક ટીપું કે બે ટીપાં ચાલ્યા જાએ તો રોજો ટુટશે નહીં પણ જો આંસું વધારે જાએ અને તેનું ખાર પણ માલમ પડે તો—

ઓરતને બદન અડકાવવાથી અથવા બોસા લેવાથી મની નીકલે તો.

માથામાં અથવા પેટમાં જખમ હોય અને તેમાં લીલી કે સુકી દવા નાખવાથી જો દેમાગ કે પેટ સુધી દવા પહોંચવાનું માલમ પડે તો રોજો ટુટી જશે પણ જો દવા પોંચવાનું માલમ નહીં પડે તો લીલી દવાથી રોજો ટુટશે અને સુકી દવાથી નહીં ટુટે.

ઉલટી—થવાથી રોજો ટુટશે નહીં અગર ઉલટી વગર ઇખતીયારે પેટમાં પાછી ચાલી ગઇ અને તે મોઢું ભરીને હોય તો રોજો ટુટશે અગર કોઇએ જાણી બુજી ઉલટી મોઢું ભરી કીધી તો રોજો ટુટશે અને મોઢું ભરી નહીં હોય તો પણ ઇમામ મોહમદ રહમતુલ્લાહ અલેહની નજદીક રોજો ટુટી જશે.

ઉલટીમાં બલગમ આવે તો રોજો ટુટતો નથી—પણ મોઢું ભરીને હોય તો ઇમામ અબુયુસુફ રહમતુલ્લાહ અલેહના નજદીક રોજો ટુટે છે (આલમગીરી)

અગર કોઇ આદમી રોજો રાખી ભુલથી ખાઇ પી લે તો રોજો ટુટતો નથી.

માખ અને ધુમાડો અને ગુબારના—હલકમાં ચાલ્યા જવાથી રોજો તુટતો નથી પણ રોજો યાદ હોવા છતાં જાણીબુજીને અગરબત્તી અથવા બીજી કોઇ ખુસબો વીગેરેનો ધુમાડો નાકમાં ખેંચે તો રોજો તુટી જશે

સુરમો લગાડવાથી અથવા તેલ લગાડવાથી અથવા સીંગી લગાડવાથી અથવા ઉંઘમાં મની (વીર્ય) નીકળવાથી રોજો તુટતો નથી.

કાનમાં પાણી ટપકવાથી રોઝો તુટતો નથી પણ જો કાનમાં તેલ નાંખે અથવા તેલ ચાટ્યું જાએ અથવા નાકમાં હવા ચડાવે અથવા હુકનો (પાખાનો લાવાની તરકીબ) કરે તો રોઝો તુટી જશે. (દુર્રે મુખતાર વીગેરે.)

રોઝો રાખી કોઈ ભુલથી ખાવાનું ખાતો હોએ અને યાદ આવતાં (મોઢામાંથી) લુકમો તુરત ફેંકી દીધો તો રોઝો તુટશે નહીં અને યાદ આવ્યા પછી મોઢામાંનો લુકમો નીગલી ગયો તો રોઝો તુટી જશે. [આલમગીરી]

તલ અથવા તલના બરાબર કોઇ ચીજ ચાખી અને થુકની સાથે ઉતરી ગઇ અને હલકમાં તે ચીજનો મજાહ માલમ પડે તો રોઝો તુટી જશે. (ફતહુલ કદીર)

'નમાઝે તરાવીહ'

તરાવીહની નમાઝ સરવે ઇમામોના મઝહબમાં મરદ અને ઓરત માટે સુન્નતે મોઅકકદા છે ખુદ હઝરત રસુલે મકબુલ સલલ્લાહો અલૈહેવ સલ્લમે તરાવીહની નમાઝ પઢી છે તરાવીહની વીસ રકઆતો પઢવા માટે રીવાયતો આવીછે.

મોતા શરીફમાં છે કે હઝરત ઉંમર રદેયલ્લાહો અનહોના જમાનામાં રમજાનમાં લોકો તેવીસ રકઆતો પઢતા હતા બૈહકીમાં છે કે તેમાં ત્રણ રકઆત વીતરની હતી. (એટલે તરાવીહની વીસ રકઆતો રહી.)

તરાવીહનો વખત ઇસાની નમાઝ પઢા પછીથી સુબ્હે સાદેક સુધી છે. અને રાતનો ત્રીજો હીસ્સો જવા પછી તરાવીહ પઢવું મુસતહબ છે. [દુર્રે મુખતાર વીગેરે]

તરાવીહ બેબે રકઆતો કરી પઢે અને દર ચાર રકઆંતો પઢયા પછી જેટલી ચાર પઢતાં વાર થઇ હોય તેટલું બેસવું મુસતહબ છે. અને ચાર રકઆતો પઢયા પછી બેસે તે વખતમાં જોઇએ કલેમો શરીફ પઢે અથવા દુરૂદ શરીફ અથવા તસબીહ પઢે. તસબીહ" સુબહાનલ્લાહે–ઝીલ–મુલકે–વલ–મલકુત–સુબહાના ઝીલ ઇઝઝતે વલ અઝમતે વલ કીબરીયાએ વલ જબરૂત સુબહાનલ મલેકીલ હૈયયીલ લઝી લાયનામો વલા યમુતો સુબ્બુહુન કુદ્દુસુન રબબોના વરબબુલ મલાએકતે વરરૂહ લાએલાહા ઇલલ્લાહો નસતગ ફેરૂલ્લાહ. નસઅલો કલ જન્નતા વાનઊઝો બેકા મીન્નનાર

તરાવીહમાં એક વખત પુરૂં કુરઆન શરીફનું ખતમ કરવું સુન્નતે મોઅક્કદા છે. અને બે વખત ફઝીલત છે અને ત્રણ વખત અફઝલ છે. અને લોગોની સુસતીના લીધે ખતમ છોડવું જાએઝ નથી. [દુર્રે મુખતાર] તરાવીહ માં સુરતો પઢે તો પણ જાએઝ છે. [આલમગીરી]

કોઈ આલીમ હાફેઝ હોય તો બેહતર છે કે તે પોતેજ પઢે અને ઇમામ ગલત પઢતો હોય તો બીજી મસજીદમાં જવું જાએઝ છે અથવા બીજી મસ-

જીદનો ઈમામ ખુશ અવાજ હોય અથવા પોતાના મોહલ્લાંની મસજીદમાં કુર-આન શરીફનો ખતમ થતો નહી હોય તો બીજી મસજીદમાં જવું જાએઝ છે અને ઇમામ સહીહ પઢનાર હોવો જોઇએ. [આમલગીરી]

હમારા જમાનામાં કેટલીક જગા તરાવીહ હાફેઝો પઢાવે છે. પણ શું પઢે છે તે કંઈ સમજમાં આવતું નથી અને હરફો પણ ગલત પઢે છે જેથી કેટલીક વખત તો નમાઝ પણ થતી નથી તેથી સહીહ પઢનારાઓ અને હરફો સમજમાં આવે એવી રીતે પઢનારા હાફેઝો જોઇએ.

નમાઝમાં કુરઆન શરીફ જલદી જલદી પઢવું તેમજ રૂકુઅ સીજદા વીગેરેમાં જલદી કરવી મકરૂહ છે.

કોઈ આદમીએ ઇશાની નમાઝ જમાઅતથી પઢી પણ તરાવીહ જમા-અત સાથે પઢી નહી તોતે 'વીતર' જમાઅત સાથે પડી શકે.[દુરરે મુખતાર વી]

તરાવીહની નમાઝ કોઈ ઊઝર વગર બેસીને પઢવી મકરૂહ છે. અને કેટ-લાક ઇમામોના મઝહબમાં તો નમાઝ થશેજ નહી. [દુરરે મુખતાર]

[સુસતીથી] રૂકુઅમાં ઇમામ જાએ ત્યાંસુધી કેટલાક લોગ આળસથી બેસી રહે છે. અને રૂકુઅમાં સાથે થઇ જાએ છે એવું બેસવું જાએઝ નથી નમાઝના માટે મુનાફીક લોગ સુસતી કરતાં તેથી તેમની મુશાબેહત થાએ છે. [ગુનયા વીગેરે]

ઈમામથી નમાઝમાં કોઈ સુરતકે આયત ભુલથી પઢવામાં નહી ગઈ હોય તો તે સુરત અથવા આયતને પેહલાં પડી આગલ પઢવું મુસતહબ છે. [આલમગીરી]

તરાવીહની નમાઝ કોઈ સબબથી તુટી ગઈ તો તેમાં જેટલું કુરઆન શરીફ પઢયું હોય તેને બીજી રકઆતોમાં દોહરાવવું જોઇએ કે ખતમ પુરો થાએ.

વીતરની નમાઝ પઢયા પછી લોગોને યાદ આવ્યું કે તરાવીહની બે રકઅતો રહી ગઇ છે તો તેને જમાઅત સાથે પઢી લે. અગર એમ યાદ આવ્યું કે કાલે બે રકઅતો રહી ગઈ હતી. તો તે જમાઅત સાથે પઢવી નહીં અને સલામ ફેરવ્યા પછી કોઈ કહે બે રકઅતો થઇ. કોઈ ત્રણ કહે તો ઇમામને જેમ યાદ હોય તેમ અમલ કરે અને ઇમામને શક હોય તો જેના ઉપર ભરોસો હોય તેની વાતપર અમલ કરે અને લોગોને જો એમ શક થાએ કે વીસ થઇ કે અઢાર થઇ તો બે રકઅત અલગ અલગ પડી લે (આલમગીરી વિ.)

"એઅતેકાફ"

રમઝાન શરીફના છેલ્લા દાહેકામાં એટલે એકવીસમી રાતથી ઈદનો ચાંદ દેખાએ ત્યાં સુધી મસજીદમાં એઅતેકાફ કરવું સુન્નત છે. અગર શહેરમાંથી કોઇપણ આદમી 'એઅતેકાફ' નહીં બેસે તો સરવેથી મોતાલેબો થશે. [આલમગીરી વિ૦]

બૈહકી શરીફની હદીશમાં છે કે હઝરત ઈમામ હુસેન રદેયલ્લાહો અન-હોથી રેવાયત છે કે હઝરત રસુલે મકબુલ સલલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું જેણે રમજાનમાં દશ દીવસનો એઅતેકાફ કીધો તો બે હજ અને ઉમરા કરવા જેવું છે.

ઈબ્ને માજા શરીફની હદીસમાં છે કે એઅતેકાફ કરનાર ગુનાહોથી દુર રહે છે. અને નેકીઓથી તેને એટલો સવાબ મળે છે જેવી તેણે બધી નેકીઓ કીધી અને હઝરતે હમેશાં એઅતેકાફ કીધો છે.

બુખારી શરીફની હદીસમાં છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલૈહે વસલ્લમ રમજાનના છેલા દાહેકામાં વફાત થતા સુધી એઅતેકાફ કરતા હતા.

મુસલમાન અકલમંદનું મસજીદમાં ઈબાદત કરવાની નૈતથી બેસવાને એ અતેકાફ કહે છે.

એઅતેકાફ કરવું મુસતહબ છે અને રમજાન શરીફના છેલા દાહેકામાં સુન્નતે મોઅકકદા છે એઅતેકાફમાં રોજદાર થવું અને મસજીદમાં બેસવું શરત છે. પણ જો કોઈ ઓરત એ અતેકાફ કરે તો ઘરમાં જ્યાં નમાઝ પઢવાની જગા હોય ત્યાં બેસે અગર જગા મુકરર નહીં હોય તો નમાઝની જગા મુકરર કરીને બેસે [આમલગીરી વિ૦]

એઅતેકાફમાં બેઠા પછી વગર ઉઝરે [પેસાબ પાખાના નીહાજત સીવાએ] મસજીદથી બાહેર નીકલી શકાએ નહી નીકલે તો એઅતેકાફ ટુટી જશે [હીદાયા]

પેસાબ પાખાના માટે મસજીદના બાહેર નીકલી શકાએ તેમજ વજુ અને ગુસલ કરવાનું જો મસજીદથી બાહેર હોય તો પણ નીકલી શકાએ. અને જુમાની નમાઝ માટે જામેઅ મસજીદમાં જઈ શકાએ અને મીનારા પર જવાનો રસ્તો બાહેરથી હોય તો અઝાન દેવા માટે પણ જઇ શકાએ (દુરરે મુખતાર વી)

પોતાની જાજરૂ દુર હોય અને રસ્તામાં કોઈ દોસ્તના ઘરમાં જાજરૂ હોએ તો પણ પોતાના ઘરમાં જઈ શકાએ. (આમલગીરી)

એઅતેકાફ કરનારને મસજીદમાં ખાવું પીવું અને સુઇ રહેવું જાએઝ છે મસજીદની બાહેર કરશે તો એઅતેકાફ ટુટી જશે (દુરરે મુખતાર વીગેરે)

એ અતેકાફમાં બેસીને કુરઆન શરીફ પઢે અથવા હદીસ શરીફ પઢે. દુરૂદ શરીફ પઢે કે દીનનો ઇલમ પઢાવે. પેગમ્બરોના અહવાલ બ્યાન કરે અને અવલીયા અલ્લાહના અને સાલેહીન લોગોના હાલાત બયાન કરે તેમજ દીનની વાતો લખી શકે છે. (દુરરે મુખતાર વીગેરે.)

એ અતેકાફમાં બીમાર પુરસી કરવા જવું કે જનાઝાની નમાઝ પડવા જવું જાએઝ નથી અને ઓરતને બોસો લેવો કે હાથ લગાડવું અથવા હમબીસતરી કરવી એઅતેકાફમાં હરામ છે અને એઅતેકાફમાં વેપારી લેણદેણ કરવું જાએઝ નથી અગર પોતાની જરૂરત અથવા બચ્ચાંઓની જરૂરત માટે કોઈ ચીજ વેચે અથવા લએ તો જાએઝ છે. (હેદાયા વીગેરે)

'લયલતુલ–કદર'

આગલા પેગમ્બરોની ઉમ્મતોની ઉમરો લાંબી હતી તેથી ખુદાપાકની ઈબાદતો વધારે થતી હતી અને હઝરત રસુલે મકબુલ સલલ્લાહો અલૈહે વસલલમની ઉમતની ઉમરો નહાની છે અને તે બેહતર ઉમત છે તેથી ખુદાપાકે પોતાના હબીબે પાકના તુફેલથી હમારા માટે આવા બુઝુર્ગ દીવસો અને રાતો ઈનાયત કીધી કે તેઓમાં ઇબાદત કરવાથી નેકીઓ વધી જાએ એ ખુદાપાકનો એહસાન છે. શબે કદરની ફઝીલતો બેહદ આવી છે.

ખુદાપાક ફરમાવે છે કે શબે કદર હજાર મહીનાથી બેહતર છે. એટલે એ રાતમાં કોઇ ઇબાદત કરે તો હજાર મહીનાની ઇબાદત કરવાથી પણ વધારે સવાબ મળે છે હઝરત ગઉસુલે સુબહાની રહમતુલ્લા અલયહે પોતાની કીતાબમાં હદીસ શરીફ નકલ કરી છે કે શબે કદરમાં ખુદાપાક જીબરઇલ અલેહીસ સલામને જમીન પર ઉતરવા હુકમ ફરમાવે છે તેમની સાથે સીદરતુલ–મુન્તહાના રહીનેર હજાર ફરીસતાઓ નુરના ઝંડાઓ સાથે ઉતરે છે. અને ચાર જગાઓ એટલે બેતુલ્લા શરીફ અને નબીએ અકરમ સલલ્લાહો અલૈહે વસલ્લમના રોજા મુબારક અને બૈતુલ–મુકદદસ અને તુરેસીનાની મસજીદ પાસે ઝંડાઓ ગાડે છે.

ફરી જીબરઇલ અલેહીસ્સલામના કહેવાથી તેઓ તમામ જગા ફેલાઈ જાએ છે દરેક જગા જેમાં મુસલમાન મરદ કે ઓરત રહેતા હોય સરવે જગા ફરીસતાઓ જાએ છે પણ જે ઘરમાં કુતરો અથવા સુવ્વર અથવા શરાબ અને હરામખોરી કરવાથી જનામત (ગુસલ) ની હાલતમાં જે હોય અથવા છબી હોય એવા ઘરોમાં ફરીસતાઓ જતા નથી. પછી તે ફરીસતાઓ તસબીહ અને તકદીસ કહી 'લાએલાહા ઇલલ્લાહ' કહે છે અને હઝરતની ઉમત માટે બખશીસ માંગે છે જયારે સવાર થાએ છે તો આસમાન તરફ ચઢે છે.

એજ કીતાબમાં છે કે શબે કદરમાં જ્યારે જીબરઈલ અલેહીસ સલામ જમીન પર ઉતરે છે તો સરવે મુસલમાનો પર સલામ કહે છે અને હાથ મેળવે છે. અને તેની નીશાની એ છે કે બદનના વાલ ઉભા થઇ જાએ અને દીલ નરમ થઈ જાએ અને આંખોથી આંસુ નીકળે.

શબેકદર રમઝાન મહીનાની કઇ તારીખમાં છે એમાં ઉલમાઓનો ઇખ્તેલાફ છે કે એકવીસમી રાત છે કેટલાક તેવીસમી કેટલાક ચોવીસમી કેટલાક ઓગણત્રીસમી રાત કહે છે પણ વધારે ઉલમાઓ સતાવીસમી રાત કહે છે.

પણ બેહતર એજ છેકે પુરા રમઝાન શરીફના મહીનામાં એબાદતને ઢુંડે અને ખાસ કરી છેલ્લા દાહેજામાં તો જરૂર ઢુંડે એઅતેકાફમાં બેસવાથી એ રાત જરૂર મલી જાએ તેથી એઅતેકાફ કરવું જોઇએ.

શબે કદરની રાતમાં આ દુઆ પઢે. "અલ્લાહુમ્મા-ઈન્નકા-અફુવ્વુન તોહીબ્બુલ-અફ્વા-ફઅફો-અન્ની" (તીરમેઝી શરીફ)

શબે કદરની રાતમાં નમાઝ પણ પઢે અને દુઆ પણ કરે બેઉ કામો કરે તો સારૂં છે.

ચાંદ જોવાનું બયાન

શાબાનની ઓગણત્રીસમી તારીખે ચાંદ જોવામાં આવે તો બીજે દીવસે રોઝો રાખે-નહીં તો ત્રીસ દીવસ પુરા કરી રોઝો રાખે. (આલમગીરી)

કોઈ આદમીએ રમજાન અથવા ઇદનો ચાંદ જોયો પણ શરીઅત પ્રમાણે તેની ગવાહી કબુલ થઇ નહીં તો તે બેઉ સુરતોમાં રોઝો રાખે અગર કોઈએ "ઈદ"નો ચાંદ એકલાં જોયો અને તેના હીસાબથી ત્રીસ દીવસ પુરા થયા પણ તે વખત વાદળ અથવા ગુબારના લીધે ચાંદ બીજાઓનેજોવામાં આવો નહીં તો સર્વેની સાથે તે પણ રોઝો રાખે. (આલમગીરી)

આસમાન પર વાદલ અથવા ગુબાર હોય તો રમજાનનો ચાંદ એક મુસલમાન આદેલ (પરહેજગાર) બાલેગ અકલમંદની ગવાહીથી સાબીત થશે. તે મરદ હોય કે ઓરત-અને ઈદના ચાંદ માટે બે મરદ અથવા બે ઓરત અને એક મરદ આદેલ બાલેગની ગવાહી થવી જોઇએ. (દુદરે મુખતાર વિગેરે)

અગર આસમાનનો કીનારો સાફ હોય તો રમજાનના ચાંદ અથવા ઇદના ચાંદ માટે જ્યાં સુધી મોટી જમાઅત (જેથી માલમ થાએ કે આટલા બધાઓ જૂઠ બોલે નહી) ગવાહી નહીં આપે ત્યાં સુધી સાબીત નહીં થાએ. (દુરરે મુખતાર વીગેરે)

એક જગાપર ચાંદ જોવામાં આવે અને બીજી જગાપર જ્યાં ચાંદ જોવામાં નહી આવ્યો હોય ત્યાં ચાંદ જોનાર ગવાહી. આપે અથવા ત્યાંના કાજીના હુકમની ગવાહી આપે અથવા વધુ જમાઅતો આવીને ખબર આપે કે ફલાણી જગયા ચાંદ થયો છે અને ત્યાંનાલોગોએ રોઝો રાખ્યો છે તો ઉપલી ગવાહીઓ થવાથી બીજી જગા પણ ચાંદ સાબીત થશે. (દુરરે મુખતાર)

"ઈદની નમાઝનો" વખત સુરજ એક નેઝા (ભાલા) બરાબર સવારે ચઢવાથી શરૂ થાએ છે. અને ઝવાલ સુધી વખત રહે છે. ઝવાલ થવાથી નમાઝ પઢી શકાએ નહીં તેથી સલામ ફેરવ્વા પેહલાં ઝવાલ થઇ જાએ તો નમાઝ થશે નહીં. અને રમજાનની ઈદમાં વાર કરી પઢવી અને બકરી ઇદમાં જલદી કરવી મુસતહબ છે. (દુરરે મુખતાર વીગેરે)

"ઇદને દીન કરવાની મુસતહબ ચીજો."

ઇદના દીવસે હજામત બનાવ્વી અને ગુસલ કરવું મીસવાક (દાતણ)

કરવું સારા લુગડાં પેહરવા. અતિર ખુશબો લગાડવી અને ઇદગાહમાં ચાલતાં જવું અને જલદીથી જવું. નમાઝ પેહલાં ફીતરો અદા કરી દેવું અને ઇદગાહથી ઘેર પાછા ફરતા ઇદગાહમાં જતી વખત જે રસતાથી ગયાં હોય તે સીવાએ બીજા રસતાથી જવું અને રમજાન ઇદની નમાઝ પેહલાં ત્રણ કે પાંચ કે સાત ખજુરો ખાઇ લેવી અગર કોઈ મીઠી ચીજ ખાવી અને ઇદના દીવસે ખુશી જાહેર કરવી. ખેરાત કરવી કે મુબારકબાદી દેવી મુસતહબ છે (દુરરે મુખતાદ હેદાયા વીગેરે) ઇદગાહમાં સફ બાંધી બેસવું, અને "તકબીર" અને "તસબીહ" અથવા "દુરૂદે શરીફ" પઢતા રેહેવું.

ઇદગાહમાં ચાલતાં જવું બેહતર છે અને સવારી પર જવું જાએજ છે અને ઘેર આવતી વખતે સવારીમાં આવે તો હરજો નથી. (આલમગીરી)

ઇદની નમાઝ પેહલાં નફલી નમાઝ પઢવી મકરૂહ છે. અગર કોઈ ઓરત ચાસતની નમાઝ પઢતી હોય તો તે પણ ઇદની નમાઝ પછી પઢે અને ઇદની નમાઝ પછી ઇદગાહમાં નફલ પઢવા મકરૂહ છે ઘેરમાં પઢવા જોઇએ–અને ચાર રકઅતો પઢવી જોઇએ–અને આમ લોગો ઇદ પેહલાં અથવા ઇદગાહમાં નફલ નમાઝ પઢે તો મના નહી કરવું જોઇએ. (દુરરે મુખતાર વીગેરે)

કોઈ આદમી પેહલી રકઅતમાં ઇમામના તકબીરો કેહવા પછી સામેલ થાએ તો પેહલાં તકબીરો તેને કહી લેવી જોઇએ. અને ઇમામ રૂકુઅમાં ગયો હોય તો ઇમામ સાથે રૂકુઅમાં જાએ અને રૂકુઅમાં તકબીરો કહી લે પણ જો એમ સમજે કે ઉભા રહી તકબીરો કહીશ તોપણ ઇમામ સાથે રૂકુઅ મલસે તો ઉભા રહી તકબીરો કહે પછી રૂકુઅમાં જાએ. અને કોઈ આદમી ઇમામના રૂકુઅમાં જવા વખત આવે અને રૂકુઅમાં સાથે ગયો પણ તકબીરો પુરી કેહવા પેહલાં ઇમામે રૂકુઅમાંથી માથું ઉઠાવી લીધુ તો તેને બાકી તકબીરો કેહવાની જરૂરી નથી અને રૂકુઅમાં તકબીરો કહે તેમાં હાથ ઉઠાવવાનું નથી. (દુરરે મુખતાર વીગેરે) અલ્લાહ માટે આ ઇમામની પછવડે કીબલા તરફ મોહું કરી છો તકબીરો સાથે ઇદુલ–ફીતર (અગર દુહા)ની બે રકઆત વાજીબ નમાઝ અદા કરૂં છું એમ નેયત કરે.

ઇદની નમાઝ કોઈ ઉઝરથી (સખત વરસાદ હોય અથવા ચાંદ જોયો નહીં અથવા નમાઝ પંઢતાં ઝવાલ થઈ ગયો) ઇદના દીવસે થઈ નહીં તો બીજે દીવસે પણ પઢે અને બકરી ઇદની નમાઝ ત્રીજે દીવસે પણ પઢી સકાએ અને રમજાનની ઇદમાં ઇદગાહ જતાં તકબીર ધીમે કેહતા જવું અને બકરી ઇદમાં ઉંચા અવાજથી કેહતાં જવું અને બકરી ઇદમાં નમાઝ પેહલાં ખાવું નહીં જોઇએ (આલમગીરી વીગેરે)

"ફીતરાનો-બયાના"

"ઇદુલ-ફીતર"ના દીવસે સુબેહ સાદેક પછી હરેક મુસલમાન જે જકાત દેવા લાએક હોય તેના પર સદક એ ફીતર દેવું વાજીબ છે ફીતરો ઇદની નમાઝ પેહલાં દેવાનુ છે. અગર ઇદ પેહલાં રહી જાએ તો ઇદ પછી પણ દેવું જોઇએ અગર પેહલાના ફીતરા દેવાના બાકી રહી ગયા હોય તો તે પણ દઈ દેવા જોઇએ.

તીરમીઝી સરીફમાં છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલે હે વસલ્લમે એક આદમીને ફરમાવ્યું કે મક્કા સરીફની ગલીઓમાં હુકમ કરી દે કે સદક એ એ ફીતર વાજીબ છે.

દેલમીની હદીસ સરીફમાં છે કે જ્યાં સુધી સદક એ ફીતર અદા નહીં કરે ત્યાં સુધી રોજા આસમાન અને જમીન વચ્ચે લટકતા રહે છે.

બાપના ઉપર પોતાના નાના બચ્ચાંઓ તરફથી ફીતરો આપવો વાજીબ છે અને બાપ નહી હોય તો દાદાને દેવું વાજીબ છે. અને બૈરીનો તથા મોટી ઉમરના અવલાદના તરફથી ફીતરો બાપ કે દાદાને દેવુ વાજીબ નથી.

"ફીતરામા શું શું આપી શકાએ"

ફીતરામાં ઘઉં અથવા ઘઉંનો આટો અથવા સત્તુ અડધો સાઅ (આસરે પાકું પોણા બસેર) દેવું જોઇએ અને ખજુર અથવા મુનક્કા અથવાં જવ અથવા જવનો આટો કે સત્તુ એક સાઅ. (આસરે પાકું સાડાત્રણ શેર) દેવું જોઇએ. (આલમગીરી)

ઘઉં અને જવથી તેમનો આટો આપવો બેહતર છે. અને તેમની કીમત પણ દેવી જાએઝ છે. પણ મોંઘવારીના વખતમાં ઘઉં કે જવ (કીમત દેવાથી) દેવા બેહતર છે અને કીમત આપે તો ખરાબ ઘઉં કે જવની નહીં આપે. (દુર્રે મુખતાર)

ફીતરો દેવામાં અગર ઘઉં કે જવ અથવા મુનક્કા કે ખજુર સીવાએ બીજી ચીજો ચોખા અથવા જવાર અને બીજા અનાજો આપે તો તેની કીમત ઉપરની ચાર ચીજોમાંથી કોઇની બરાબર થવી જોઇએ. (આલમગીરી વગેરે)

ફીતરો ઇદની પેહલાં પણ દેવું જાએઝ છે પણ બેહતર એ છે કે ઇદના દીવસે સુબેહ સાદેક પછી અને ઇદગાહમાં જવા પેહલાં આપે અને જે આદમીને જકાત દઇ શકાએ તેને ફીતરો પણ દઇ શકાએ છે અને જેને જકાત લેવી જાએઝ નથી તેને ફીતરો લેવો પણ જાએઝ નથી.

સતા ઇદના રોજા

શવ્વાલના મહીનામાં છ દીવસ ઇદ પછી રોજા રાખે છે જેને સતા ઇદના રોજા કહે છે તેની હદીસ સરીફમાં બહુજ ફઝીલત આવી છે.

નેસાઇ શરીફની હદી સમાં છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે જેણે ઇદુલ ફીતર પછી છો રોજા રાખ્યા. તેણે પુરા સાલના રોજા રાખ્યા.

તીબરાની અવસત સરીફમાં છે કે જેણે રમજાનના રોજા રાખ્યા ફરી તેના પછી છો દીવસ સવાલમાં (ઇદના મહીનામાં) રાખ્યા તો ગુનાહોથી એવો નીકલી ગયોજેવો કે તે આજેજ માના પેટથી પેદા થયો. શવ્વાલના છો રોજા સાથે રાખવા પણ જાએઝ છે તેમજ પુરા મહીનામાં છુટા છુટા પણ જાએઝ છે.

ખુદાપાકે બેઉ ઇદોના દીવસ ખુશી માટે દીધા છે અને તેથીજ એ દીવસોમાં તથા જીલહજની અગયારમી અને બારમી અને તેરમી તારીખે રોજો રાખવો પણ હરામ છે. ખુદાપાકની તરફથી એ દીવસો ઝીયાફતના છે.

નોટઃ—આ રીસાલો ટુકમાં એટલા માટે લખવામાં આવ્યો છે કે જેઓ કે દીનથી તદન અજાણ છે, જેવાકે અભણ અને નવ મુસલીમો તેઓ ફક્ત ખાસ જરૂરી બાબતોથી વાકેફ થાએ. અને ટુંકમાં સમજી શકે, કેમકે દીનથી શોક રાખનારાઓ માટે એકથી એક સારી કીતાબો નીકળી છે અને જે જે બાબતો આમાં છોડી દેવામાં આવી છે તે એજ કારણથી છે. માટે એના હેતુને નજર આગળ રાખી, એહલે ઇલમ અને એહલે અકલ સાહેબો, એની ખામીઓને દરગુજર કરશે અને ખુદાપાક આગળ દુવા કરશે કે તે પાક પરવરદીગાર એના લખનારની નીયત પ્રમાણે એને કબુલ ફરમાવે અને એનાથી પોતાના અજ્ઞાન બંદાઓને ફાએદો પહોંચાડે અને એને લખનારની બક્ષીસનો વસીલો ગરદાને આમીન યા રબ્બુલ આલમીન બેહુરમતે સૈયદીલ મુરસલીન વ અલા આલેહી વ અસહાબેહી અજમઇન. "કુરતા"

સમાપ્ત.

આ 'સીરીઝ' ના નં. ૨ ભાગ ૧માં ઇમાન અને 'નમાઝ'નુ બયાન, નમાઝ પઢવાની રીત, અને કલમા, દરૂદ, દુવાઓ, અને નમાઝ માટે જરૂરી "સુરતો" આપવામાં આવી છે. નં. ૪ ભાગ ૩માં "રોઝા" વીશે કુરઆન અને હદીસના અહકામો અને તે ઉપરાંત અકલી દલીલોથી તેના ફાએદાઓનુ સબુત આપવામાં આવ્યું છે.

દરેક રીસાલો નાચેને સરનામે દોઢ આનાની ટીકીટ મોકલવાથી મળી શકશે.

જનરલ સેક્રેટરી

"દારૂલ ફલાહ એદરૂસીઆં"

"બીસ્મીલ્લા હીર્રેહમાં નીર્રહીમ".

"અસ્સોમ" (યાની રોઝો) માહે રમઝાન શરીફના એક માસના રોજા ખુદાપાકે મુસલમાનો ઉપર ફર્ઝ કર્યા છે. તેને છોડનાર મોટો ગુન્હેગાર થાએ છે અને તેની શિક્ષા, દોઝખનો સખત અઝાબ છે. નહી જાણવા અને અજ્ઞાનતાનો ઊર્ઝ શિક્ષાથી બચાવી શકશે નહી અને ખુદાતાલા આગળ મંજુર થશે નહી.

ઈસલામના અરકાનોમાં રોઝો અને નમાઝ મુખ્ય છે અને તેના અહકામોથી વાકેફ થવાની દરેક મુસલમાનને ફર્ઝ છે.

"સોમો—સલાત" આ સીરીઝના નંબર ૨, ભાગ ૧માં 'ઈમાન' અને 'નમાઝ'નું બયાન આપવામાં આવ્યું છે. અને નંબર ૪, ભાગ ૩માં રોઝા વીષે "કુરઆન" અને "હદીસ"ના અહકામ અને અકલી દલીલોથી તેના ફાએદાઓનું સબુત આપવામાં આવ્યું છે.

દરેક રીસાલો આના દોઢની પોસ્ટ ટીકીટ મોકલવાથી "દારૂલ ફલાહ એદરૂસીયા" સુરતની ઓફીસમાંથી (સૈયદવાડા) મળી શકશે.

જનરલ સેક્રેટરી,
"દારૂલ ફલાહ એદરૂસીયા" સુરત.